**<u>સંતરામપુરના મે.એડી.ચીફ.જયુડીશીયલ. મેજીસ્ટ્રેટ. સાહેબની કોર્ટમાં,</u>**
**<u>મુંકામ.સંતરામપુર</u>**

**સી.સી.નંબર :– ૧૫૭૫/૨૦૨૨**
**આંક :–**

**ફરીયાદી:–** **શ્રી સ ર કા ર**

વિરૂઘ્ઘ.

**આરોપી :– જયોતીભાઇ મનસુખભાઇ હઠીલા,**
**રહે :– રાયણીયા**, સંતરામપુર, તા.સંતરામપુર, જી.મહીસાગર

---

**<u>ગુન્હો: ધી ગુજરાત પ્રોહી.એકટની કલમ.૬૫ એએ,મુજબ.</u>**

---

**<u>:: ઠ રા વ ::</u>**

**(૧)** આજરોજ અત્રેની અદાલતમાં સ્પેશીયલ સીંટીગનું આયોજન કરવામાં આવેલ છે.આજરોજ સ્પેશીયલ સીંટીગમાં આરોપી તેઓના વિ.વકીલશ્રી સાથે હાજર થયેલ છે અને તે અનુસંધાને આરોપીને પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે આપ્યાની ખાત્રી કરી આરોપી વિરૂઘ્ઘ ચાર્જ રેકર્ડ કરતા આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ કરવા માંગતા હોવાની હકીકત જણાવેલ છે.

**(૨)** આરોપીએ ગુના કબુલાત પુરસીસ આપી જાહેર કરેલ છે કે,મારો પ્રથમ ગુનો છે અને અમો સામાન્ય અને ગરીબ વર્ગના છીએ,અમારે કોઈ સ્થિર ઘંઘો નથી,અમો છુટક મજુરી કરી અમારૂ ગુજરાન ચલાવીએ છીએ,અમોને મજુરી કામ દરરોજ મળતુ નથી,અમો અમારા કુંટુંબના એક જ કમાનાર સભ્ય છીએ, અમારા બાળ બચ્ચા તથા અમારા કુટુંબના ભરણ પોષણની જવાબદારી અમારા શીરે છે,અમો ભવિષ્યમાં આવો કોઈ ગુનો કરીશું નહી તેવી ખાત્રી આપીએ છીએ.જેથી અમારી સામાજીક તથામ આર્થિક પરીસ્થિતિ ઘ્યાનમાં રાખી અમારી ઉપર રહેમ રાહ રાખવા અરજ ગુજારેલ છે.

**(૩)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,બનાવ સમયે અને સ્થળ ેઆરોપીએ પોતાના કબજા ભોગવટા ના મકાનમાં વગર પાસ પરમીટે **દેશી દારૂ લિટર– ૦૩ કિંમત રૂા. ૬૦ /–**નો રાખી પકડાયેલ છે જેથી આરોપી વિરૂઘ્ઘ ગુજરાત રાજય નશાબંઘી અઘિનિયમની કલમ. ૬૫ એ.એ. મુજબના ગુનાનું તહોમત મુકવામાં આવેલ છે.

**(૪)** આરોપી વિરૂઘ્ઘ ગુનાનો આક્ષેપ જોતા તથા આરોપી ઘ્વારા રજુ કરવામાં આવેલ ગુના કબુલાત પુરસીસ વંચાણે તેમજ ઘ્યાને લેતા તેમાં જણાવેલ કારણો તેમજ આરોપીની મારી સમક્ષ રૂબરૂ નિરીક્ષણ કરતા આરોપી આર્થિક તથા સામાજીક રીતે ગરીબ વર્ગના જણાઈ આવે છે તેમજ ભવિષ્યમાં બીજો કોઈ ગુનો નહીં કરવાની ખાત્રી

આપે છે,આરોપીએ જાહેર કરેલો પસ્તાવો તથા આરોપીની વતૂર્ણૂક તથા સામાજીક જવાબદારી ઘ્યાને લેતા તથા રેકર્ડ વંચાણે લેતા આરોપીનો પ્રથમ ગુનો હોવાનું જણાઈ આવે છે.જેથી મારૂ નમ્રપણે માનવુ છે કે, આરોપી ઉપર રહેમ રાહ રાખીને ઓછી સજા અને દંડ કરવામાં આવે તો આરોપી સમાજમાં ફરી વખત માનભેર જીવન શરૂ કરી શકે અને સમાજ તથા દેશને ઉપયોગી થઈ શકે તેમ છે તે સંજોગોમાં ઓછી સજા તથા દંડ કરવો તે ન્યાયોચિત અને ઉચિત માનુ છું.

**(૫) નામદાર ગુજરાત વડી અદાલતના ૨૦૦૫ (૧) G.L.R-709 સ્ટેટ ઓફ ગુજરાત વિરૂઘ્ઘ નટવર હરીશચંદ્ર ઠાકોરના** કેસમાં એવો સિઘ્ઘાંત પ્રસ્થાપિત કરે છે કે જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ઘ્યાને લઈ નીચેની અદાલતને કાયદામા કરેલ લઘુત્તમ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે.સદરહું ચુકાદાના પાન નં.૭૨૧ ઉપર પેરા–૨૧માં જે કારણો જણાય છે તે ઘ્યાને લેતા ઉપરોકત ચુકાદો આરોપીના કેસને તથા સંજોગોને અનુરૂપ થતો હોય તેમ જણાઈ આવે છે.

**(૬)** આમ, આરોપીની કબુલાત પુરસીસ તથા આરોપીના સામાજીક સંજોગો ઘ્યાને લેતા,કાયદાએ સુચવેલ ન્યુન્તમ સજા કરતા ઓછી સજા કરવા માટેના વ્યાજબી અને સબળ કારણો જણાય છે તેથી ઓછામાં ઓછી સજા અને દંડ કરવો તેવુ હું નમ્ર પણે માનુ છું.આરોપીને સજા અંગે સાંભળ્યા બાદ ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## //આખરી હુકમ//

**(૧)** આ કામના આરોપીને ક્રિ.પ્રો. કો. કલમ.૨૪૮ અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ.૬૫ એ.એ. મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી,કોર્ટ ઉઠતા સુધીની સજા તથા સબબ ગુના અંગે આરોપીએ રૂા.૨૦૦/–(અંકે રૂપિયા બસો ) પુરાનો દંડનો હુકમ કરવામાં આવે છે. અને દંડ ના ભરે તો દિન.૫ની સાદી કેસની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** મુદામાલનો અપીલ સમય બાદ નિયમોનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૨/૧૧/૨૦૨૨ ના રોજ સ્પેશીયલ સીંટીગમાં જાહેર કર્યો.

તારીખ. ૧૨/૧૧/૨૦૨૨
સ્થળ.સંતરામપુર

**ટી. એચ. પંજાબી**
એડી.ચીફ.જયુડીશીયલ.મેજીસ્ટ્રેટ
સંતરામપુર
JUDGE CODE NO.GJ 01076